INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

<u>અખબારી યાદી</u> <u>તા. ૧૫–૦૯–૨૦૨૫</u>

- **જુનાગઢ કૃષિ યુનિ.ના તત્કાલિન કુલપતિ ડો પાઠકે રાતોરાત કૃષિ યુનિ.એકટમા ફેરફાર કરી હાલના કુલપતિ ડો ચોવટીયાના પુત્ર જય ચોવટીયાને મદદનીશ પ્રાધ્યપકની નોકરી આપી.**
- **જય ચોવટીયા માટે કૃષિ યુનિ.એ નિયમો અવગણીને સોશ્યલ સાયન્સ ફેકલ્ટીની જગ્યા ઉભી કરી અને તેને મદદનીશ પ્રધ્યાપકની નોકરી આપી.**

જુનાગઢ કૃષિ યુનિના કુલપતિ ડો ચોવટીયાના પુત્ર જય ચોવટીયાએ અમાન્ય યુનિ.માથી Msc (ICT-In Agriculture and rural development) ની ડિગ્રી મેળવી, તે યુનિ.ને રાજ્ય સરકારે તા.૦૬.૦૯.૨૦૧૬ ના પરિપત્ર મુજબ બંધ કરવાનો નિર્ણય કરેલ હતો,જય ચોવટીયાએ તેની ડિગ્રી કાયદાથી અમાન્ય અને બોગસ હોવા છતાં જુનાગઢ કૃષિ યુનિ.મા ચાલતા PhD (વિસ્તરણ)ના અભ્યાસક્રમ માટે ગેરકાયદેસર રીતે પ્રવેશ મેળવે છે. ઉપરાંત સત્તાની વગ કરીને PhD ના અભ્યાસક્રમમા ગેરકાયદેસર રીતે હાજરી પુર્ણ બતાવે છે, આમ પુત્ર જય ચોવટીયાને જુનાગઢ કૃષિ યુનિ મા નોકરી અપાવવા તત્કાલીન કુલપતિ એ આર પાઠક અને પિતાશ્રી કુલપતિ ચોવટીયા મેળાપિપણુ કરીને આયોજનબદ્ધ રીતે ષડયંત્ર ગોઠવે છે,આ આક્ષેપો ઉપર રાજ્ય સરકાર ઘટતી કાર્યવાહી કરે.

જય ચોવટીયાને અનઅધિકૃત રીતે નોકરી આપવા જુનાગઢ કૃષિ યુનિ બોર્ડ મિટીંગમા તા.૦૭.૦૧.૨૦૧૭ ના રોજ યુનિ એકટમા રાતોરાત ફેરફાર કરે છે,તા.૧૧.૦૧.૨૦૧૭ ના રોજ નોટીફીકેશન બહાર પાડે છે અને તા.૩૧.૦૧.૨૦૧૭ ના રોજ ખાપટ કૃષિ યુનિ.મા સોશ્યલ સાયન્સના વિષયો ભણાવવા મદદનીશ પ્રધ્યાપકની જગ્યા ઉભી કરે છે,આ જગ્યા માટે ડાયરેકટ સીલેકટ થયેલા ઉમેદવારોની યાદીમા જય ચોવટીયાનુ નામ નથી તેમજ અપેક્ષિત વિષયમા તે અનુસ્નાતક નથી આમ છતાં જય ચોવટીયાનુ નામ તેમા ઉમેરીને મદદનીશ પ્રાધ્યાપક તરીકે નિમણુક આપી દીધી.

આજે જુનાગઢ કૃષિ યુનિ.ના કુલપતિ ડો વી પી ચોવટીયા છે અને તેના પુત્ર જય ચોવટીયા જુનાગઢ કૃષિ યુનિ.ના કૃષિ વિસ્તરણ વિભાગના વડા તરીકે ફરજ બજાવે છે, આમ જય ચોવટીયાની ગેરકાયદેસરની નિમણુકને દબાવી દીધેલ છે. જે અંગે પણ સરકારમા અનેક રજુઆતો થઈ ચુકી છે.

અમારી માંગ છે કે તત્કાલીન કુલપતિ ડો એ આર પાઠક અને વર્તમાન કુલપતિ ડો વી પી ચોવટીયાએ પોતાના પુત્ર જય ચોવટીયાને અંગત લાભ આપવા માટે સત્તાનો દુરુપયોગ કર્યો છે, તે બન્ને સામે પ્રિવેન્શન ઓફ એન્ટી કરપ્શન એકટ હેઠળ તાત્કાલીક અસરથી ગુનો દાખલ કરવામા આવે. અને જય ચોવટીયાને નોકરીમાથી દુર કરવામા આવે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ